**(1) 36મી આસીઆન (ASEAN) પરીષદ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ પરીષદની થીમ 'કોવીડ ફ્રી આસીઆન' રાખવામાં આવી હતી.

(2) પરીષદની અધ્યક્ષતા વિયેતનામ દ્વારા કરવામાં આવી હતી.

(3) આ દરમિયાન 'આસીઆન COVID-19 રિસ્પોન્સ ફંડ' સ્થાપવાનો નિર્ણય કરવામાં આવેલો છે.

(4) આ પરીષદમાં દક્ષિણ ચીની સમુદ્રના મુદ્દે પણ ચર્ચા કરવામાં આવેલી છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં વિડિયો કોન્ફરન્સ દ્વારા આસીઆન દેશોની 36મી પરીષદ યોજવામાં આવી હતી. જેમાં COVID-19ની મહામારી, મહામારી પછીની રિકવરી અને ભાગીદાર દેશો સાથે સહકારની વાતો કરવામાં આવી હતી.

⇛ આ 36મી પરીષદની થીમ 'Cohesive and Responsive ASEAN' હતી. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ પરીષદની અધ્યક્ષતા વિયેતનામ દ્વારા કરવામાં આવી હતી. તે વર્તમાન સમયે આસીઆનનું પણ અધ્યક્ષ છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ અગાઉ એપ્રિલ મહિનામાં યોજાયેલી એક બેઠકમાં આપાતકાલીન ફંડના સર્જનની વાત કરવામાં આવી હતી. આ પરીષદમાં 'આસીઆન COVID-19 રિસ્પોન્સ ફંડ' સ્થાપવાનો નિર્ણય કરવામાં આવેલો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ પરીષદમાં આસીઆન વિસ્તારના અર્થતંત્ર વિશે ચિંતા વ્યકત કરવામાં આવી હતી. આ વિસ્તારના દેશો માટે પ્રવાસન ઉદ્યોગ અને નિકાસ મહત્ત્વના છે.

⇛ ઉપરાંત પરીષદમાં દક્ષિણ ચીની સમુદ્રમાં ચાલી રહેલ જમીન ગ્રહણના મુદ્દા અને અન્ય બાબતો વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) 'એન્ટી-ડ્રગ એકશન પ્લાન ફોર 2020-21' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ પ્લાન સામાજિક ન્યાય અને સશકિતકરણ મંત્રાલય દ્વારા લોંચ કરવામાં આવેલો છે.
(2) આ પ્લાન વર્તમાન સમયે પંજાબ અને ઉત્તર–પૂર્વ વિસ્તાર માટે લોંચ કરવામાં આવેલો છે.
(3) અફીણના વ્યસની લોકો માટે 'ઈન્ટીગ્રેટેડ રિહેબીલીટેશન સેન્ટર ફોર એડીકટ્સ' (IRCAs) ખોલવામાં આવશે.
(4) આ સાથે પ્લાનમાં જાગૃતતા અભિયાન, ડ્રગ લેતાં લોકોની ઓળખાણ, સારવાર સુવિધા, ક્ષમતા નિર્માણ વગેરેનો સમાવેશ થાય છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં 'અફીણના ગેરવપરાશ અને ગેરકાયદેસર હેરફેર વિરુદ્ધના આંતરરાષ્ટ્રીય દિવસ' નિમિત્તે ભારતના વિવિધ 272 જિલ્લાઓ માટે સામાજિક ન્યાય અને સશકિતકરણ મંત્રાલય દ્વારા 'એન્ટી–ડ્રગ એકશન પ્લાન ફોર 2020-21' લોંચ કરવામાં આવેલો છે. (આથી, વિધાન (1) સાચું છે, જ્યારે વિધાન (2) ખોટું છે.)

⇛ આ પ્લાનમાં જાગૃતતા અભિયાન, ડ્રગ લેતાં લોકોની ઓળખાણ, સારવાર સુવિધા, ક્ષમતા નિર્માણનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ 272 જિલ્લાઓની ઓળખાણ નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો દ્વારા કરવામાં આવેલી છે. આ જિલ્લાઓ પૈકી મોટાં–ભાગના પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને પૂર્વોત્તર ભારતમાં આવેલાં છે.

⇛ આ પ્લાનમાં વિવિધ કેન્દ્રો ખોલવામાં આવશે : ડ્રોપ–ઈન સેન્ટર, ઈન્ટીગ્રેટેડ રિહેબીલીટેશ સેન્ટર ફોર એડીકટ્સ વગેરે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ સાથે 'નશા મુકત ભારત' અભિયાનનું પણ લોંચીંગ કરવામાં આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) 'મારીચ' (Maareech) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તે એક એડવાન્સ ટોર્પીડો એટેક સિસ્ટમ છે.

(2) આ પ્રણાલિનો વિકાસ DRDO દ્વારા કરવામાં આવેલો છે.

(3) તેનો ઉપયોગ કોઈપણ ફ્રંટલાઈન જહાજ દ્વારા કરી શકાય છે.

(4) આ પ્રણાલિનું નિર્માણ ભારતની ખાનગી સંસ્થાને સોંપવામાં આવશે.

(A) માત્ર (1) અને (2)　(B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1) અને (4)　(D) માત્ર (2) અને (3)

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ ભારતીય નૌસેના દ્વારા 'મારીચ' તરીકે ઓળખાતી એડવાન્સ ટોર્પીડો ડિફેન્સ સિસ્ટમ (ATDS)ને નૌસેનામાં સમાવવામાં આવેલ છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તેનો ઉપયોગ કોઈપણ ફ્રંટલાઈન જહાજ દ્વારા કરી શકાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ પ્રણાલિનું ડિઝાઈનીંગ તથા તેનો વિકાસ સ્વદેશી રીતે DRDO દ્વારા કરવામાં આવેલો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ DRDOનું પૂરુંનામ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન છે.

⇛ આ પ્રણાલી આવનારા ટોર્પીડોને ઓળખીને તેનું સ્થાન મેળવીને તેને બિન–અસરકારક બનાવી શકે છે. આ રીતે તે વિવિધ જહાજો કે અન્ય પ્લેટફોર્મનું રક્ષણ કરી શકે છે.

⇛ આ પ્રણાલિનું નિર્માણ ભારતના સંરક્ષણ ક્ષેત્રના જાહેર ક્ષેત્રના એકમ, 'ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ' દ્વારા કરવામાં આવશે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) કન્ઝર્વેશન રિઝર્વ (Conservation Reserve) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આવા વિસ્તાર સામાન્ય રીતે બિન–નિવાસી હોય છે.
(2) આવા વિસ્તારમાં કૃષિ ક્રિયાઓ કરવા માટે મંજૂરીની જરૂર પડે છે.
(3) કોઈ જંગલને કન્ઝર્વેશન રિઝર્વ જાહેર કરવાની સત્તા રાજ્ય સરકારની છે.
(4) આ પ્રકારના રિઝર્વનો ઉલ્લેખ વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, 1972માં કરવામાં આવેલો છે.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (4)
(C) માત્ર (2) અને (2)  (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં મહારાષ્ટ્ર દ્વારા તિલ્લારી જંગલને કન્ઝર્વેશન રિઝર્વ જાહેર કરવામાં આવેલ છે.

⇛ સામાન્ય રીતે એવા વિસ્તારો કે જે બિન–નિવાસી હોય તથા જેની માલિકી સરકારની હોય તેમને કન્ઝર્વેશન રિઝર્વ જાહેર કરવામાં આવે છે. આવા વિસ્તારોમાં કેટલાંક સમુદાયો જીવનનિર્વાહ કરતાં હોય છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ અહીં કઈપણ પ્રકારના વિકાસ કાર્યો કે કૃષિ પ્રવૃત્તિઓ માટે રાજ્ય તથા કેન્દ્રીય વાઈલ્ડલાઈફ બોર્ડની મંજૂરીની જરૂર પડે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ વન્યજીવ સંરક્ષણ અધિનિયમમાં 4 પ્રકારના સંરક્ષિત વિસ્તારોનો સમાવેશ થાય છે :

- રાષ્ટ્રીય ઉદ્યાન
- કમ્યુનિટી રિઝર્વ
- વન્યજીવ અભ્યારણ્ય
- કન્ઝર્વેશન રિઝર્વ

(આથી, વિધાન (4) સાચું છે.)

⇛ રાજ્ય સરકાર દ્વારા કોમ્યુનિટી રિઝર્વ તથા કન્ઝર્વેશન રિઝર્વ જાહેર કરવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(5) ભારત-ચીન અથડામણ માટે FICCI દ્વારા 5 મુદ્દાનો એક એક્શન પ્લાન જાહેર કરવામાં આવ્યો છે. નીચેનામાંથી કયાં મુદ્દાઓનો સમાવેશ આ પ્લાનમાં થાય છે ?

(1) ઉત્પાદકતા

(2) બોર્ડર મેનેજમેન્ટ

(3) આયાત અવેજીકરણ

(4) સ્પર્ધાત્મકતા

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ ભારત–ચીન અથડામણ માટે FICCI દ્વારા 'PEACE' એક્શન પ્લાન જાહેર કરવામાં આવ્યો છે. આ 5 મુદ્દાનો પ્લાન નીચે મુજબનો છે :

- P (Productivity – ઉત્પાદકતા) : બેન્ચમાર્કની સ્થાપના કરીને ઉત્પાદકતામાં વધારો કરવો.
- E (Efficiency – અસરકારતા) : સ્થાનિક તથા રાજ્ય સરકારો સાથે કાર્ય કરીને અસરકારકતામાં વધારો કરવો.
- A (Alternates – વિકલ્પો) : આયાત માટેના વૈકલ્પિક સ્ત્રોત માટે અન્ય દેશો તરફ નજર કરવી.
- C (Competitiveness – સ્પર્ધાત્મકતા) : ઈનોવેશન તથા વેલ્યુ–એડીશન દ્વારા સ્પર્ધાત્મકતા સુધારવી.
- E (Exports – નિકાસ) : નવી બજારો, વસ્તુ અને સેવાઓ વિશે શોધખોળ કરીને નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું.

(આથી, વિધાન (1) અને (4) સાચાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

## Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT